Seat No. : _______________

# DQ-109

**December-2013**

## B.A. (Sem.-I)

## EC-I (104) : Psychology

## (Psychology & Effective Behaviour-I)

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** **બધા** પ્રશ્નો ફરજિયાત છે.
**Instruction :** **All** questions are compulsory.

1. હતાશાના કારણો ઉદાહરણો સહિત સમજાવો અને આપણી સંસ્કૃતિની ગમે તે ત્રણ સામાન્ય હતાશાઓની ચર્ચા કરો. **14**
Explain, with illustrations, the reasons of frustration and discuss any three common Frustrations of our culture.

**અથવા/OR**

આપણા સમાજના સામાન્ય સંઘર્ષોની ચર્ચા કરો.
Discuss the common conflicts of our society.

2. મનોભારની ઉત્કટતાને અસર કરતી વ્યક્તિની ખાસિયતોની સમજૂતી આપો. **14**
Give an explanation of the characteristics of the individual affecting the severity of stress.

**અથવા/OR**

આ વિધાનની વિગતવાર ચર્ચા કરો : “મનોભારની ભાતો અજ્ઞાત હોઈ શકે.”
Discuss in detail, the following statement : “Stress patterns may be unconscious.”

3. લગ્ન કરવા માટેના કારણો ચર્ચો અને કેટલાક લોકો શા માટે નથી પરણતા તે સમજાવો. **14**
Discuss the reasons for marriage and explain why some people never marry.

**અથવા/OR**

જીવનસાથીની પસંદગીને અસર કરતાં મુખ્ય પરિબળોની ચર્ચા કરો.
Discuss the key factors affecting mate selection.

4. લગ્નના આંતરસંબંધોની વિવિધ ભાતો વર્ણવો. **14**
Describe the various marital interactions.

**અથવા/OR**

લગ્નજીવનના સારા અનુકૂલનને અસર કરતાં વ્યક્તિત્વનાં ઘટકોની ચર્ચા કરો.
Discuss the personality factors affecting good marital adjustment.

5. (અ) જોડકાં જોડો : **7**

Match the following :

| વિભાગ-I<br>**Section – I** | | વિભાગ-II<br>**Section – II** | |
|---|---|---|---|
| (a) | વર્ષો સુધી સતત પરિશ્રમ<br>Continuous hard work for many years | (i) | એક સમાયોજન પ્રેરક પરિસ્થિતિ<br>An adjustive demand |
| (b) | પોતાની જાત પાસેથી અવાસ્તવિક અપેક્ષાઓ<br>Unrealistic expectations of oneself | (ii) | મનોભારની ઉત્કટતામાં વધારો<br>Increase in the severity of stress |
| (c) | ઉપાગમન-ઉપાગમન સંઘર્ષની પરિસ્થિતિ<br>A state of approach-approach conflict | (iii) | દબાણનું આંતરિક કારણ<br>Internal source of pressure |
| (d) | મનોભાર<br>Stress | (iv) | પ્રયત્નોની અવિરત એકાગ્રતા<br>Sustained concentration of efforts |
| (e) | મનોભારની પરિસ્થિતિમાં જ્યારે ધમકીનો પણ અનુભવ થાય<br>When threat is also present in a stressful situation | (v) | પ્રત્યક્ષ જ્ઞાનના ક્ષેત્રનું મર્યાદિત બનવું<br>Narrowing of perceptual field |
| (f) | સંઘર્ષમાં બંને વિકલ્પ જ્યારે મહત્ત્વના ન હોય<br>When both alternatives in a conflict are not important | (vi) | મનોભારની ઉત્કટતા ઓછી હોય છે.<br>Severity of stress is less |
| (g) | તીવ્ર મનોભારની અસર<br>Effect of severe stress | (vii) | બે આકર્ષક વસ્તુઓ<br>Two attractive objects |

(બ) નીચેના વિધાનો સાચા છે કે ખોટાં તે દર્શાવો : **7**

Indicate whether the following statements are true or false :

(1) અપેક્ષિત કરતાં અનઅપેક્ષિત રીતે આવી ગયેલ સમસ્યા વધુ તીવ્ર લાગે છે.

A problem which has arisen unexpectedly seems more severe than an expected one.

(2) જીવનસાથીની પસંદગી કરવામાં કયા ધોરણો અપનાવવા તેની સમજૂતી સંવનન દરમિયાન પ્રાપ્ત થઈ શકતી નથી.

During courtship, it is not possible to gain an understanding of the standards to be adopted for mate selection.

(3) સમયની સાથે લગ્નની સફળતા મૂલવવાનાં ધોરણો બદલાયા છે.

With time, the standards for assessing marital success have changed.

(4) ‘રોમૅન્ટિક પ્રેમ’માં માત્ર શારીરિક આકર્ષણનું તત્ત્વ જણાય છે.

Merely the element of physical attraction is seen in ‘romantic love’.

(5) આનંદપ્રધાન લગ્નમાં વ્યાવસાયિક સિદ્ધિને ઘણું મહત્ત્વ આપવામાં આવે છે.

Occupational achievement is given a lot of importance in a fun marriage.

(6) જે યુગલોના મા-બાપનું લગ્ન સુખી હોય, તેમનું પોતાનું લગ્નજીવન સુખી રહેવાની સંભાવના વધુ છે.

There is a high probability of marital happiness in the case of couples whose parents’ marriage has been happy.

(7) પતિ-પત્નીની આસપાસનું ભૌતિક અને સામાજિક વાતાવરણ તેમના લગ્નજીવનના અનુકૂલનને અસર કરી શકે છે.

The physical and social environment around a married couple can affect their marital adjustment.